અપીલ અરજી નં.૪૨૮ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ

સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૮–૧–૧૦ ની અરજીથી ગેરકાયદેસર ચાલતી પાણીનો વેપાર કરતી સંસ્થાઓ તથા તેની સામે કરેલ કાર્યવાહીની વિગતો મેળવવા (૧) મનપા તરફેણમાં જનહિતાર્થે હાઈકોર્ટમાંથી ચુકાદો આવ્યા બાદ મનપાએ કુલ કેટલી ગેરકાયદે ચાલતી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને સીલ કરી હતી? આ સીલ મારવા માટે મનપાના કયા કયા વિભાગના અધિકારી/કર્મચારીઓ સાથે ગયા હતા? (સંસ્થાઓના નામ,સીલ માર્યા તારીખ તથા અધિકારી/કર્મચારીઓના નામ–હોદ્દા તથા વિભાગ સહિતની વિગતવાર માહિતી આપશો.) (૨) મનપા ધ્વારા સીલ માર્યા બાદ કોઈપણ જાતની મંજુરી વિના સંસ્થા માલિકોએ બારોબાર સીલ ખોલ્યા હોય તેવા કોઈ કેસો મનપાના ચોપડે નોંધાયેલ છે કે કેમ? જો આવા કોઈ કેસો નોંધાયા હોય તો તે સંસ્થાઓ વિરૂધ્ધ મનપાએ કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો (૩)ગત સપ્ટેમ્બર માસમાં મનપાએ જે જે બેનંબરી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને સીલકર્યુ હતુ તેની નામ સરનામા તારીખ તથા સીલ મારવા જનાર અધિકારી/કર્મચારીઓના નામ–હોદ્દા તથા વિભાગની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૮/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૮–૧–૧૦ની અરજી બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૭ તા.૧૧–૩–૧૦ થી આરોગ્ય અધકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૯૫૯ તા.૨૯–૩–૧૦ થી અત્રેના વિભાગને અરજદારને આપેલ માહિતી પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૮૭૬ તા.૨૬–૨–૧૦ ના પત્રની નકલ, સંસ્થા/માલિકોના નામ સરનામા નોટીસ આપ્યા તારીઅ તથા સીલ માર્યાની તારીખની યાદી તથા ગુજરાત હાઈકોર્ટના હુકમ પ્રમાણે સીલ ખોલી આપેલ સંસ્થાઓની યાદીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૧–૧૦ ની અરીજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ. જે માહિતી બાબતે પ્ર તિભાવ નહીં મળતા અરજદારે તા.૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.પીએચડી/ફુડ/૮૭૬ તા.૨૬–૨–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર (૧) મનપા તરફેણમાં જનહિતાર્થે હાઈકોર્ટમાંથી ચુકાદો આવ્યા બાદ મનપાએ કુલ કેટલી ગેરકાયદે ચાલતી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને સીલ કરી હતી? આ સીલ મારવા માટે મનપાના કયા કયા વિભાગના અધિકારી/કર્મચારીઓ સાથે ગયા હતા? (સંસ્થાઓના નામ,સીલ માર્યા તારીખ તથા અધિકારી/કર્મચારીઓના નામ–હોદ્દા તથા વિભાગ સહિતની વિગતવાર માહિતી આપશો.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તા.૯–૯–૦૯ ના રોજ આપવામાં આવેલ બાંહેધરીના સંદર્ભમાં સામેલ યાદી મુજબ ૩૩ સંસ્થાને સીલ મારવામાં આવેલ. જેની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. મે.કમિશ્નરશ્રીની તા.૧૧–૯–૦૯ ની મંજુર અન્વયે ઝોનમાંથી નાયબ/આસી. આરોગ્ય અધિકારીશ્રી ઝોનનો આરોગ્ય સ્ટાફ તથા ફુડ ઈન્સ્પેકટરો સાથે રહીને ઝોનના શહેર વિકાસ ખાતા મારફતે સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) મનપા ધ્વારા સીલ માર્યા બાદ કોઈપણ જાતની મંજુરી વિના સંસ્થા માલિકોએ બારોબાર સીલ ખોલ્યા હોય તેવા કોઈ કેસો મનપાના ચોપડે નોંધાયેલ છે કે કેમ? જો આવા કોઈ કેસો નોંધાયા હોય તો તે સંસ્થાઓ વિરૂધ્ધ મનપાએ કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આવા કોઈ કેસો કચેરીએ નોંધાયેલ નથી. તેવી માહિતી આપેલ છે. (૩)ગત સપ્ટેમ્બર માસમાં મનપાએ જે જે બેનંબરી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને સીલ કર્યુ હતુ તેની નામ સરનામા તારીખ તથા સીલ મારવા જનાર અધિકારી/ કર્મચારીઓના નામ–હોદ્દા તથા વિભાગની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૫–૯–૦૯ ના રોજ બીઆઈએસ સર્ટીફીકેટ વગર પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મારેલ સીલની યાદી આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. (૪) સપ્ટેમ્બર–૦૯ માં મનપા ધ્વારા જે બે નંબરી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને મનપા ધ્વારા સીલ મારવામાં આવ્યું હતું તે સંસ્થાઓને અગાઉ પણ મનપાએ સીલ માર્યુ હતું કે કેમ? જો સીલ માર્યુ હોય તો તેના નામ સરનામા તથા સીલ માર્યા તારીખ સહિતની વિગતો આપશો. તથા સપ્ટે.૦૯ માં સીલ માર્યા બાદ પણ સંસ્થા માલિકોએ તેમની સંસ્થાના સીલ મનપાની મંજુરી વિના બારોબાર ખોલ્યા હોય તેવી સંસ્થાઓના કોઈ કેસો આપના વિભાગમાં આવ્યા હોય તો તેના નામ સરનામા તથા બબ્બેવાર સીલ માર્યા બાદ પણ વિના મંજુરીએ સીલ ખોલનાર સંસ્થા માલિકો વિરૂધ્ધ શી શી કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સપ્ટેમ્બર –૦૯ માં મહાનગરપાલિકા ધ્વારા સીલ મારવામાં આવેલ તે પૈકી નીચે જણાવેલ સંસ્થાઓને અગાઉ પણ ઝોન ધ્વારા સીલ મારવામાં આવેલા હતા. ૧ક્રિષ્ણાવોટર–૧૦ સાંઈકૃપા ઈન્ડ.સોસા.

આંજણા ફાર્મ,એસએમસી ગ્રાઉન્ડ સામે, સુરત. ૨. સ્વાગત મીનરલ વોટર–એફ–૪૬,અક્ષરટાઉનશીપ, પુણાકુંભારીયા રોડ, સુરત. ૩.પવનપુત્ર માર્કેટીંગ –૪૯૦, જલારામનગર, ગુજરાત હાઉસીંગબોર્ડ, અમરોલી, સુરત.૪.સત્યા મીનરલ વોટર ૭૯, સાંઈ આશીષ સોસા., સાંઈબાબા મંદિર પાસે, અમરોલી, સુરત. ૫. માનસરોવર માર્કેટીંગ–પ્લોટ ન.૧ સૂપર્યપુર ઈન્ડ. સોસા., અશ્વનીકુમારરોડ, સુરત. ૬.ડ્રોપ વોટર– નાથુ ભાણા કંપાઉન્ડ, ઉધના મગદલ્લા રોડ, સુરત. ૭. બી પવન વોટર– ૨૦, મારૂતિ ઈન્ડ., સોલાપુર કંપાઉન્ડ બાજુમાં, રોડ નં.–૬, ઉધના, સુરત. ઉપર જણાવેલ સંસ્થા પૈકી અનુક્રમ નં.૫ નામની સંસ્થા સામે સીલના અનાદર બદલ ઝોન ધ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૫) મનપા ધ્વારા સીલ માર્યા બાદ ગેરકાયદે ચાલતી બેનંબરી પાણીનો વેપાર કરતી કઈ કઈ સંસ્થાઓને મનપાએ સીલ ખોલવાની પરમીશન આપેલી છે? આ પરમીશન કઈ કઈ શરતોને આધીન આપેલી છે તેની સંસ્થાઓના નામ સરનામા તથા સીલ ખોલવા અંગેની જે પરમીશન આપી હોય તે પરમીશન પત્રની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સામેલ યાદી મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આદેશ મુજબ સીલ ખોલી આપવામાં આવેલ છે જેની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. બીઆઈએસ વગર ધંધો ન કરવાની શરતે સીલ ખોલી આપવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૬) મનપા ધ્વારા છેલ્લા બે વર્ષ માં જે જે ગેરકાયદે ચાલતી બે નંબરી પાણીનો વેપાર કરતી સંસ્થાઓને સીલ મારવામાં આવેલ છે તે કોના કોના આદેશથી તથા કયા કયા વિભાગ તરફથી સીલ મારવામાં આવ્યા તે અધિકારીઓના આદેશની નકલો સહિતની વિગત આપશો. તથા આદેશ આપનાર અધિકારી પાસે આવી પાણીનો વેપાર કરતી સંસ્થાઓના સીલ મારવાનો આદેશ કરવાની સત્તા હતી કે કેમ તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મે.કમિશ્નરશ્રીની મંજુરીથી જાહેર આરોગ્યના હિતમાં જે તે ઝોનના નાયબ/આસી. આરોગ્ય અધિકારીશ્રી ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ફુડ ઈન્સ્પેકટરો સાથે રહી ઝોનના શહેર વિકાસ ખાતા મારફતે સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૬ ની વિગતવાર માહિતી તથા સીલ માર્યાની યાદી તથા સીલ ખોલ્યાની યાદી નકલ સહિત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે.

વધુમાં ઝોનના ઝોનના તથા ખાતાના અધિકારી/કર્મચારીની વિગતો મહાનગરપાલિકાની WWW.suratmunicipal. gov.in પર આરટીઆઈ હેઠળ કર્મચારીની ડીરેકટરી વિભાગમાં પણ ઉપલબ્ધ છે. જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે. અરજદારે અધૂરી કે અપૂરતી માહિતી અંગે કોઈ વિવરણ જણાવેલ નથી કે અપીલ ફોર્મ સાથે બીડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૮–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ